



જમ્મુ-કાશ્મીર પુલવામામાં થયેલ ભયંકર આતંકવાદી હુમલામાં મોટી સંખ્યામાં શબિદ થયેલ ભારતીય સી.આર.પી.એફ.ના સૈનિકો માટે દુઃખ વ્યક્ત કર્યુ હતુ. કેન્ડલ માર્ચ યોજાઈ હતી. જેમાં ભાજપ અને કોંગ્રેસના કાર્યકરો અને મહેસાણા જનતા અને સામાજિક કાર્યકરોએ અલગ અલગ કેન્ડલ માર્ચ યોજી હતી અને સૂત્રોચ્ચાર કર્યા હતા. શનિવારે મહેસાણા સ્વયંભુ રાજમહેલ રોડ બંધ રહેવા પામ્યો હતો.

# પુલવામામાં શહીદ જવાનોના પરિવાર માટે બાયડના કોંગ્રેસના ધારાસભ્યની પહેલ

મોડાસા, તા. ૧૬


ગુરુવારે જમ્મુ-કાશ્મીરના પુલવામામાં થયેલ આતંકવાદી હુમલામાં શહીદ થયેલા ૪૪ જવાનોને દેશભરમાં કેન્ડલ માર્ચ અને મૌન રેલી યોજી શ્રદ્ધાંજલિ આપવામાં આવી રહી છે. શહીદોના પરિવારોનો આધાર છીનવતા આર્થિક સહાયનો ધોધ પણ વહી રહ્યો છે. અરવલ્લી જીલ્લાના બાયડ તાલુકાના કોંગ્રેસના ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ શહીદોને શ્રદ્ધાંજલિ અર્પિત કરી શહીદોના પરિવારોને આર્થિક સહાય આપવાની જાહેરાત કરી પોતાના ધારાસભ્ય તરીકેના છેલ્લા ત્રણ પગાર શહીદોને નામ કર્યા હતા. ધારાસભ્ય તરીકે ધવલસિંહ પગાર લેતા ન હોવાથી મુખ્યમંત્રી વિજય રૂપાણીને પત્ર લખી તેમનો છેલ્લા ત્રણ મહિનાઓનો પગાર શહીદ જવાનોના પરિવારોને અર્પણ કરવાની જાણ કરી હતી.

બાયડ-માલપુરના ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ જણાવ્યું કે તે પોતાના ત્રણ પગાર શહીદોના પરિવારને આપશે. આ સાથે તેમને ૪૪ શહીદ જવાનો અને ઘાયલ થયેલા સીઆરપીએફના જવાનો મુદ્દે રાજકારણ બયાન બાજી બંધ થવી જોઈએ તેમ જણાવ્યું હતું અને સોશ્યલ મીડિયા મારફતે વિડિઓ વાઈરલ કરી જે પ્રમાણે રાજકીય ભાષણો અને આયોજનો થઈ રહ્યા છે તેને આવનારી પેઢી માફ નહિ કરે અને જ્યાં સુધી પાકિસ્તાનના આતંકવાદને જ્યાં સુધી આપણે જવાબ ના આપી દઈએ ત્યાં સુધી કોઈ પ્રકારના ભાષણો ન કરવા જોઈએ. સભાઓ કરવી ના જોઈએ કારણકે પાકિસ્તાનને અને આતંકવાદને તેની ભાષામાં જવાબ આપવાના બાકી છે.

### અમેરિકામાં પાકિસ્તાની એમ્બેસી સામે

# ''પાકિસ્તાન આતંકવાદી દેશ''ના બેનર મોડાસા તબીબે બતાવી પુલવામા હુમલો વિરોધ

જમ્મુ-કાશ્મીરના પુલવામામાં સીઆરપીએફ ના કાફલા પર ફિદાઈન હુમલામાં શહીદ થયેલા




૪૪ જવાનોથી દેશના પ્રજાજનોનું લોહી ઉકળી ઉઠ્યું છે ત્યારે વિદેશમાં રહેતા ભારતીયો પણ હચમચી ઉઠ્યા છે અને સતત તેમના પરિવારજનોના સંપર્કમાં રહી આતંકી હુમલા અંગે શહીદોના પરિવારજનોની અને દેશની સ્થિતિ પર નજર રાખી રહ્યા છે મોડાસામાં તબીબની ડિગ્રી મેળવી અમેરિકાના વોશીંગ્ટનમાં હોસ્પિટલમાં જોબ કરતા ડૉ.મહર્ષિ કંદર્પ ગોર નામના યુવાને પાકિસ્તાનનો આતંકી ચહેરો ખુલ્લો પડે તે માટે આજે વોશીંગ્ટનમાં આવેલી પાકિસ્તાનની એમ્બેસી આગળ દિવસભર ઉભા રહી ''પાકિસ્તાન ઈઝ અ ટેરર સ્ટેટ'' ના બેનર સાથે વિરોધ પ્રદર્શન કરી પાકિસ્તાનને તેનો આઈનો બતાવ્યો હતો.

પુલવામાં ખાતે થયેલા હિચકારા હુમલાનો વિરોધ સમગ્ર દેશમાં થઈ રહ્યો છે. દેશમાં હુમલાના કારણે પાકીસ્તાન સામે રોષ અને આક્રોશ પ્રસર્યો છે. ત્યારે વિદેશોમાં રહેતાં ભારતીયોમાં પણ આ ભાવના સ્વાભાવિક છે. મોડાસાના જ વતની અને અમેરીકાનાં વોશીંગ્ટનમાં રહેતાં ડૉ.મહર્ષી કંદર્પભાઈ ગોર પણ વોશીંગ્ટનમાં આવેલી પાકીસ્તાનની એમ્બેસી આગળ પાકીસ્તાન એ આતંકી દેશ છે એમ લખેલું બેનર લઈ વિરોધ કરવા પહોંચી ગયા હતા. ડૉ.મહર્ષી નાનપણથી જ દેશભક્તિનાં રંગે રંગાયેલા છે અને છોટે બાજપાઈના નામથી ઓળખાતા હતા.

# સરડોઈ નજીક જંગલ વિસ્તારમાં આગ લાગતા વન્ય પ્રાણી, પંખીઓ અને વનરાજી બળી સ્વાહા

મોડાસા, તા. ૧૬

અરવલ્લી જીલ્લાની ગીરીમાળાઓમાં સતત અગમ્ય કારણોસર આગ લાગવાની



ઘટનાઓ બનતી રહે છે. મોડાસા તાલુકાના સરડોઈ નજીક ડુંગર પર આવેલા ચામુંડા માતાજીના મંદિર નજીક આવેલા જંગલમાં એકાએક આગના લબકારા દેખાય બાદ ભીષણ આગ ફાટી નીકળતા ગામલોકોમાં ફફડાટ ફેલાયો હતો. સવારે ૮ વાગે લાગેલી આગ ગ્રામજનો અને વનવિભાગના કર્મચારીઓ દ્વારા ફાયર પટ્ટા દ્વારા આગ પર કાબુ મેળવવા પ્રયત્નો હાથ ધર્યા હતા.

સરડોઈ નજીક ડુંગર પર આવેલા ચામુંડા માતાજીના મંદિર નજીક આવેલા જંગલમાં શનિવારે સવારે અગમ્ય કારણોસર આગ લાગતા આગ દોઢથી ૨ કિલોમીટર વિસ્તારમાં પ્રસરતા ભારે ચકચાર મચી હતી. જંગલમાં લાગેલા દાવાનળથી અસંખ્ય પક્ષીઓ અને પ્રાણીઓ સહીત મોટાભાગની વનરાજી બળીને ખાખ થતા વન્યપ્રેમીઓ અને જીવદયા પ્રેમીઓમાં ભારે નિરાશા સાંપડી હતી. આગ લાગવાની ઘટનાની જાણ થતા દોડી આવેલા વનવિભાગના કર્મચારીઓએ ગ્રામજનોની મદદથી સાંજે ૪ વાગ્યાના સુમારે ફાયર પટ્ટાની મદદથી આગ પર કાબુ મેળવવામાં આંશિક સફળતા મળી હતી. આગનું ભયાનક સ્વરૂપ નિહાળી સરડોઈ ગ્રામજનો સહીત ડુંગરની તળેટીમાં આવેલા ગ્રામ્ય વિસ્તારના પ્રજાજનોમાં ભારે ફફડાટ જોવા મળ્યો હતો.

### શામળાજીના ભવાનીપુરની સગીરાનું ચપ્પાની અણીએ

# અપહરણ કરી બળાત્કાર ગુજારનાર યુવાનને ૧૦ વર્ષની સજા કોર્ટે ફટકારી

મોડાસા, તા. ૧૬

૪ વર્ષ અગાઉ શામળાજી નજીક આવેલા ભવાનીપુર ગામની ૧૭ વર્ષીય સગીરાનું બાઈક પર અપહરણ કરી ચપ્પાની અણીએ દેવનીમોરી ગામ નજીક બે મિત્રોની મદદગારીથી ખેતરમાં ત્રણ દિવસ ગાંધી રાખી બળાત્કાર ગુજારતા શામળાજી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાયા બાદ કોર્ટમાં કેસ ચાલી જતા સરકારી વકીલ ડી.એસ. પટેલની ધારદાર રજૂઆતને પગલે મોડાસા એડિશનલ સેશન કોર્ટના જજ એ.કે. રાવે આરોપીને ૧૦ વર્ષની કેદની સજા ફટકારી ૧ હજાર દંડ ફટકારતા પીડિતા અને તેના પરિવારજનોને ન્યાય મળતા આશ્વત બન્યા હતા.

ભિલોડાના ભવાનીપુર નજીક બસ સ્ટેન્ડ પાસે ઉભેલી ૧૭ વર્ષીય સગીરાને લલચાવી ફોસલાવી માલપુરના પરસોડાનો ભાવેશ રમેશભાઈ ખાંટ બાઈક પર શામળાજી બસસ્ટેન્ડ મૂકી દઉં તેમ જણાવી બાઈક પર બેસાડી દેવની મોરી ગામ તરફ લઈ જતા સગીરાએ બચવા બુમાબુમ કરતા ચપ્પાની અણીએ અપહરણ કરી નિર્જન સ્થળે ખેતરમાં લઈ જઈ અન્ય બે મિત્રોની મદદ મેળવી ત્રણ દિવસ ગાંધી રાખી બળાત્કાર ગુજારતા શામળાજી પોલીસ સ્ટેશને પોક્સો એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરાતા કેશ કોર્ટમાં ચાલી જતા. એડિશનલ સેશન કોર્ટે આરોપીને દસ વર્ષની સજા અને ૧ હજાર રૂપિયા રોકડની સજા ફટકારી અન્ય બે મદદગારી કરનાર મિત્રોને શંકાનો લાભ આપી છોડી મુકવામાં આવ્યા હતા.

## લડવા તમામ પક્ષો... ● પહેલા પાનાનું ચાલુ

કહેવામાં આવ્યું છે કે દેશવાસીઓની સાથે અમે આ દુઃખની ઘડીમાં સાથે છીએ. ત્રણ સૂત્રીય પ્રસ્તાવમાં એમ પણ કહેવાયું હતું કે સરહદ પારથી સમર્થન મેળવી રહેલા આતંકવાદની અમે નિંદા કરીએ છીએ. છેલ્લા ત્રણ દશકથી ભારત સરહદ પારથી આતંકવાદી હુમલાનો સામનો કરી રહ્યું છે. મોટી ખુવારી પણ ઉઠાવી છે. પાકિસ્તાનમાંથી આતંકવાદીઓને પ્રોત્સાહન મળી રહ્યું છે. ભારત આ પડકારોને મળીને સામનો કરી રહ્યું છે. આ લડાઈમાં સમગ્ર દેશ એક સાથે છે. સુરક્ષા દળોની સાથે દેશ ઉભો છે. બેઠકમાં ગૃહ સચિવ રાજીવ ગોબા, કેન્દ્રિય રિઝર્વ પોલીસ ફોર્સના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સંસદ સંકુલમાં યોજાયેલી બેઠકમાં નેશનલ કોન્ફરન્સના નેતા ફારૂક અબ્દુલ્લા, એનસીપીના નેતા શરદ પવાર, ડાબેરી નેતા ડી.રાજા, શિવસેના નેતા સંજય રાવત, કોંગ્રેસના નેતા ગુલામનબી આઝાદ અને આનંદ શર્મા ઉપસ્થિત રહ્યા હતા. જોકે આજની બેઠકમાં પાકિસ્તાન સામે કાર્યવાહીને લઈને કોઈ નિર્ણય લોયો ન હતો.

## શક્તિ પ્રદર્શન... ● પહેલા પાનાનું ચાલુ

યોજવામાં આવે છે. મિગ, જગુઆર, એસયુ-૩૦, તેજસ અને મિરાજ-૨૦૦૦ સહિતના વિમાનો આમાં ભાગ લઈ રહ્યા છે. વાયુ શક્તિના ભાગરૂપે દિલધડક પરાક્રમો દર્શાવવામાં આવી રહ્યા છે. આઈએએફના વાઈસ ચીફ માર્શલ અનિલ ખોસલાએ કહ્યું છે કે જુદા જુદા પ્રકારના હથિયારોની ચકાસણી થઈ રહી છે. બોમ્બ, સ્માર્ટ હથિયારો, જમીનથી હવામાં પ્રહાર કરી શકે તેવા હથિયારો અને હવાથી હવામાં પ્રહાર કરી શકે તેવા હથિયારોની ચકાસણી થઈ રહી છે. પ્રથમ વખત વાયુ શક્તિ ૨૦૦૦ દ્વારા મિગ-૨૯ અપગ્રેડ કરવામાં આવેલા વિમાનોને સામેલ કરાયા છે. પ્રથમ વખત આનું આયોજન નવી દિલ્હીમાં ૧૯૫૩માં કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ ત્રણ વર્ષમાં એક વખત આનું આયોજન થાય છે. પુલવામામાં આતંકવાદી હુમલા બાદ આ કવાયતને ખૂબ ખતરનાક સંકેત તરીકે જોવામાં આવે છે. દેશભરમાં પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં છુપાયેલા આતંકવાદીઓ સામે કાર્યવાહી માટેની માંગ ઉઠી રહી છે ત્યારે કેટલાક લોકોનું કહેવું છે કે તમામ પ્રકારના યુદ્ધ વિમાનોની ચકાસણી કરવામાં આવ્યા બાદ આનો ઉપયોગ પણ થઈ શકે છે. હવાઈ હુમલાના વિકલ્પને સૌથી અસરકારક વિકલ્પ તરીકે પણ ગણવામાં આવે છે. જેના ભાગરૂપે પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં આતંકવાદી અડ્ડાઓ, તેમના સ્થળો, લોન્ચપેડને ફુંકવામાં આવી શકે છે અને મોટી સફળતા હાથ લાગી શકે છે.

## શહીદોના અંતિમ સંસ્કાર... ● પહેલા પાનાનું ચાલુ

સન્માન સાથે અંતિમ સંસ્કાર કરાયા ત્યારે તમામ જવાનોના વતન ગામોમાં લોકો ઉમટ્યા હતા. ઉત્તરાખંડમાં ઉધમસિંહ નગર જિલ્લામાં વિરેન્દ્રસિંહ શહીદ થયા હતા. તેમના ત્રણ વર્ષના પુત્રએ અગ્નિદાહ આપ્યો હતો. સવારથી જ તેમના આવાસ ઉપર લોકો ઉમટ્યા હતા. વિરેન્દ્રસિંહ ગયા સપ્તાહમાં જમ્મુ-કાશ્મીરમાં તેમની ફરજ ઉપર ફરી હાજર થયા હતા. ૨૦ દિવસની રજા ગાળીને હાલમાં જ પરત ફર્યા હતા. બીજી બાજુ પંજાબના રૂપનગરના ૨૬ વર્ષીય કુલવીન્દરસિંહને પણ અંતિમ વિદાય આપવામાં આવી હતી. તેમના વતન ગામ નુરપુરબેદી વિસ્તારમાં રૌલી ગામાં અંતિમ સંસ્કાર કરાયા હતા. કુલવીન્દરસિંહ સીઆરપીએફના કોન્સ્ટેબલ હતા. તેમના ઘરમાં પણ લોકોનો ધસારો જોવા મળ્યો હતો.

કુલવીન્દરના મૃતદેહને લાવવામાં આવ્યો ત્યારે તેમના જેની સાથે લગ્ન થનાર હતા તે કુલવીન્દર બેભાન થઈ ગઈ હતી. આવી જ રીતે પુલવામામાં શહીદ થયેલા સીઆરપીએફના એએસઆઈ મોહનલાલને પણ અંતિમ વિદાય અપાઈ હતી. હરિદ્વારના ખરખારી સ્મશાન ગૃહમાં તેમના અંતિમસંસ્કાર કરાયા હતા. મોહનલાલના પુત્ર શંકર રતોરી અને રામપ્રસાદ રતોરીએ અગ્નિદા આપ્યો હતો. તે વખતે વંદે માતરમના નારા ગુંજી ઉઠ્યા હતા. આગ્રામાં સીઆરપીએફના જવાન કૌશલકુમારના અંતિમ સંસ્કારમાં પણ લોકો ઉમટી પડ્યા હતા. જેમાં સરકારી અધિકારીઓ, રાજકારણીઓ જોડાયા હતા. ગુરદાસપુરના ૨૮ વર્ષીય મનિન્દરસિંહના અંતિમ સંસ્કાર પણ તેમના ગામમાં સંપૂર્ણ સમ્માન સાથે કરાયા હતા. આજે સવારે દીનાનગરમાં તેમના મૃતદેહને તેમના વતનગામ આલિયાનગરમાં લઈ જવાયા હતા. મનીન્દરના નાના ભાઈ લખવીરસિંહે અગ્નિદા આપ્યો હતો. લખવીરસિંહે પોતે પણ સીઆરપીએફમાં ફરજ બજાવી રહ્યા છે. આવી જ રીતે ઓરિસ્સાના જવાનને પણ સંપૂર્ણ સન્માન સાથે વિદાય અપાઈ હતી. પ્રસન્નકુમાર અને મનોજકુમારને વિદાય આપવામાં આવી હતી. અગાઉ સંપૂર્ણ રાજકીય સન્માન સાથે તેમના પાર્થિવ શરીરને શુક્રવારે દિલ્હીમાં લાવવામાં આવ્યા હતા. ત્યાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ત્રણેય સેનાના વડા, સંરક્ષણ પ્રધાન તેમજ અન્યોએ શ્રદ્ધાંજલિ આપી હતી.

## સ્માર્ટ ડસ્ટબીન... ● છેલ્લા પાનાનું ચાલુ

આવશે. જેમાં લીલો અને સુકો કચરો એકત્રિત કરાશે. જયારે આ ડસ્ટબીન ભરાઈ ગયા બાદ તુરંત જ સ્થળ પર ક્રેઈન મારફતે કચરો ખાલી કરી ડસ્ટબીનને ચોખ્ખી કરી દેવાશે જેના લીધે રખડતા ઢોર પણ આ ડસ્ટબીનમાં ડોકીયુ નહીં કરે અને સ્વચ્છતા જળવાશે. શહેરમાં જાહેર સ્થળોએ કચરાના ઢગ જોવા મળી રહ્યા છે. જયારે સ્વચ્છતાના મામલે તંત્ર નક દ્વારા નક્કર આયોજન થાય તેવી પણ માંગ ઉઠવા પામી છે. અગાઉ શહેરમાં ઘરે ઘરે સુકા અને લીલા કચરાના એકત્રિતકરણ માટે તંત્ર દ્વારા ડસ્ટબીનનુ વિતરણ પણ કરાયુ હતુ.

## એસ. ટી. સંકુલ... ● છેલ્લા પાનાનું ચાલુ

છે. જયારે ડેપો સંકુલમાં તક મળતા જ ગઠીયાઓ હાથફેરો કરી લે છે. એકબાજુ ડેપો સંકુલને સ્માર્ટ ડેપો બનાવવાની યોજના પણ હવા થઈ ગઈ છે.જયારે બીજીતરફ મુસાફરોની સલામતી માટે પણ કોઈ વ્યવસ્થા નથી. જેના લીધે મુસાફરોમાં પણ ભયની લાગણી વ્યાપી છે. એસ ટી ડેપો સંકુલમાં હજુ સી સી ટી વી કેમેરા લગવાની અનિવાર્યતા છે. અત્યાર સુધી ડેપો સંકુલમાં ૬ સી સી ટી વી કેમેરાની વોચ છે. પરંતુ પુરતા સંકુલ માટે સી સી કેમેરાની આ વોચ પુરતી નથી. જેથી એસ ટી ડેપો દ્વારા સી સી ટી વી કેમેરા વધુ લગાવાવા માટે એસ ટી નિગમને દરખાસ્ત કરી છે. ડેપો મેનેજરના જણાવ્યા મુજબ ડેપો સંકુલમાં નવા સી સી ટી વી કેમેરા લગાવવા માટે આયોજન કરાશે. દરખાસ્તને મંજુરી આપી દેવાયા બાદ ડેપો સંકુલમાં સી સી ટી વી કેમેરાનુ કામ હાથ ધરાશે જેથી મુસાફરોની સલામતીના મુદ્દે પણ પુરતી વોચ રાખી શકાશે.

## બેંકમાં લૂંટ... ● છેલ્લા પાનાનું ચાલુ

અધિક્ષક સહિત જિલ્લા પોલીસની સમગ્ર ટીમો દોડતી થઈ ગઈ હતી અને ચારેતરફ નાકાબંધી કરીને વાહન ચેકિંગ શરૂ કરી દીધા હતા. જિલ્લામાં રેડ એલર્ટ જાહેર કરી દેવામાં આવ્યું હતું. તે ઉપરાંત આસપાસના ચાર જિલ્લામાં પણ વાહન ચેકિંગ સઘન કરી દેવામાં આવ્યા હતા. જોકે દિલધડક લૂંટ કરીને ફરાર થઈ ગયેલા ત્રણેય લૂંટારુઓ પોલીસને હાથ લાગ્યા ન હતા. આ ઘટના મામલે ગાંધીનગર પોલીસે ગુનો દાખલ કરીને બેંકના સીસીટીવી ફૂટેજ મેળવી ઉંડી તપાસ હાથ ધરી છે.

# ઈન્ટરનેશનલ ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામનું બે દિવસીય આયોજન સફળતાપૂર્વક સંપન્ન

ગણપતવિદ્યાનગર, તા. ૧૬

બ્રિટિશ ડેપ્યુટી હાઈકમિશન, ગુજરાત અને ગણપત યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે ગયા વિક-એન્ડ દરમિયાન બે દિવસીય ઈન્ટરનેશનલ ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ-ફેઝ-૧નું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું.

ગણપત યુનિવર્સિટીના મુખ્ય સંકુલ અને યુનિ.ના અમદાવાદ ખાતેના ઈન્ડસ્ટ્રી ઈન્ટરફેસ સેન્ટર-બંને જગ્યાએ સમાંતરે યોજાયેલા આ બે દિવસીય ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ, ફેઝ-૧માં સો કરતાંયે વધારે ફેકલ્ટી-મેમ્બર્સે ભાગ લીધો હતો.

ગ્લોબલ ટ્રેઈનિંગ એજ્યુકેશન પ્રોગ્રામ, યુ.કે.ના સ્થાપક અને ડિરેક્ટર શીતલબેન નાગોરી ભરવાડે અને 'જીટીઈપી'ના જ એક્સપર્ટ ટ્રેઈનર સંગીતા તોમર કંવરે નિષ્ણાત તરીકે પોતાની વિદ્વતાપૂર્ણ સેવાઓ આપી હતી.

ગણપત યુનિવર્સિટીની એન્જિ., મેનેજમેન્ટ, ફાર્મસી, સાયન્સ, કોમ્પ્યુટર સાયન્સ સહિતની તમામ જ્ઞાન-શાખાના પ્રાધ્યાપક ભાઈઓ-બહેનોએ આ પ્રોગ્રામમાં ભારે ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાની વિવિધલક્ષી-બહુમુખી પ્રતિભાને વધુ તેજ બનાવી હતી. શિક્ષણના ક્ષેત્રે વૈશ્વિક કક્ષાએ સતત પરિવર્તન પામતા રહેતા વલણો-પ્રવાહો, નવા નવા અસ્તિત્વમાં આવતા જતા વિવિધ પ્રકારના અભ્યાસક્રમો, પ્રાધ્યાપકોએ આજના શિક્ષણ જગતમાં પ્રસ્તુત એવી ભજવવાની થતી ભૂમિકા (રોલ-પ્લે) આ ક્ષેત્રની સફળતાના ઉત્તમ ઉદાહરણો (કેસ-સ્ટડી)ની જાણકારી, પ્રવૃત્તિઓ આધારિત શીખવા શીખવવાની વિવિધ રીતે જેવા અનેક વિષયોને આ ટ્રેઈનિંગમાં આવરી લઈ અધ્યાપકોની 'ટીચિંગ (સોફ્ટ) સ્કિલને વધુ શાર્પ કરવામાં આવી હતી.

**ભાડેથી આપવાની છે**

**Factory GIDC Electronic Estate**

Sctor-26, Gandhinagar

**: Contact :**

**9825065271**

# ખબરે અનોખી...

## તેરસો વર્ષ જૂનું અજીબો ગરીબ ગામ જે સમુદ્રમાં તરે છે

આપણે આપણું ઘર એકદમ સુરક્ષિત અને સ્વચ્છ રાખવા માંગતા હોઈએ છીએ. આપણે એવું પણ ઈચ્છતા હોઈએ છીએ કે આપણું ઘર કોઈ પણ કુદરતી આપત્તિનો ભોગ ન બને આ માટે આપણે અનેક પ્રકારના પ્રયાસો કરતા હોઈએ છીએ. આપણું ઘર હંમેશા જમીનથી જોડાયેલું હોય છે પરંતુ તમને ખબર પડે કે દુનિયાનું એક ગામ સમુદ્ર પર તરે છે જ્યાં લોકોએ જમીન સુદ્ધા પણ જોઈ નથી તો કેવું લાગશે ? દુનિયાના સૌથી શક્તિશાળી દેશોમાં એની ગણના થાય છે આ તરતુ ગામ પણ ચીનમાં આવેલું છે જે આખું ગામ પાણી પર તરે છે. ચીનના નિગંડે સિટીમાં આ ગામ આવેલું છે. જાનુ ના એકમાત્ર ગામ છે જે સંપૂર્ણ રીતે પાણીમાં તરે છે.

## એક વ્યક્તિએ ૭૮ લાખ આપી પાકિસ્તાનની દુર્લભ જાતિની બકરીનો શિકાર કર્યો

એક વિદેશી શિકારીએ દુર્લભ જાતિની પાડી બકરીનો શિકાર કરવા માટે પાકિસ્તાન સરકારને ૭૮ લાખ રૂપિયા આપ્યા છે. અમેરિકામાં રહેતા એક શિકારી બિઆન હાર્લેને તગડી ફી ચૂકવી બકરીને મારવા માટેનું લાઈસન્સ પ્રાપ્ત કર્યું હતું. આ દુર્લભ બકરી ઉત્તરી હિમાલયના ગીલગીટની પહાડી વિસ્તારમાં મળી આવે છે. શિકારીએ આ દુર્લભ બકરીનો શિકાર કરી તેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ કર્યો છે.

## મુસ્લિમ યુવકે વેલેન્ટાઈન ડે ના દિવસે કિન્નર સાથે લગ્ન કર્યા

કહેવાય છે કે પ્રેમને સીમામાં બાંધી શકાતો નથી અને તે બંધનોને માનતો પણ નથી. આવું એક ઉદાહરણ ઈન્દોરમાં જોવા મળ્યું છે જ્યાં એક યુવાને કિન્નરને પોતાની પત્ની તરીકે સ્વીકારી તેની સાથે લગ્ન કરી લીધા છે. કિન્નર સાથે લગ્ન કરવાના લીધે પરિવારજનોએ યુવકથી નારાજ થયા છે. વરરાજો બનેલું જુનેદ પૂછે છે કે મારા પરિવારજનો માની જાય જો પરિવારજનો નહીં માને તો હું મારી પત્ની સાથે અલગ રહીશ. હું મારી પત્નીને ખૂબ પ્રેમ કરું છું અને તેની સાથે આજીવન રહીશ અમે તેને હંમેશા ખુશ રાખીશ. આ વિચિત્ર ઘટનાને લઈ હાલ આ લગ્ન સમગ્ર ઈન્દોરમાં ચર્ચાનો મુદ્દો બન્યો છે.

## પ્રેમમાં પાગલ સાધુએ સેવિકાની જીવતી સળગાવી

વેલેન્ટાઈન ડે ના દિવસે રાજકોટમાં એક સાધુએ એક તરફી પ્રેમમાં પોતાની સેવિકાની પ્રેમનો એકરાર કર્યો હતો. સેવિકાએ આ બાબતે અસ્વીકાર કરતા પાગલ બનેલા સાધુએ સેવિકાની જીવતી સળગાવી દીધી અને પોતે પણ આગમાં લપેટાઈ ગયો હતો જેથી તેનું મૃત્યુ થયું હતું. રાજકોટના કાલાવડ રોડ ઉપર આવેલા આવાસમાં પરણિતા પતિ અને તેના બે બાળકો સાથે રહેતી હતી. તે નજીકમાં આવેલા કાળભૈરવ મંદિર સફાઈનું કામ કરવા આ પરણિત મહિલા જતી હતી. જ્યાં સાધુ તરીકે કામ કરતા રોનક પરમાર નામના સાધુને આ મહિલા સાથે એક તરફી પ્રેમ થઈ ગયો હતો. વેલેન્ટાઈન ડે ના દિવસે જ સાધુને મહિલા અને પ્રેમનો એકરાર કર્યો હતો પરંતુ તેને પ્રેમનો અસ્વીકાર કર્યો હતો જેથી ગુસ્સે ભરાયેલા સાધુએ સેવિકાને જીવતી સળગાવી દીધી હતી અને જાતે પણ આગની લપેટમાં લપેટાઈ ગઈ મોતને વહાલું કરી લીધું હતું. આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી જવા પામી છે.

## લોટરીની ટિકિટ કચરામાંથી મળી અને દંપત્તિ કરોડપતિ બની ગયું

અમેરિકાના લૂસિયાના ખાતે રહેતા એક દંપતીએ ૬ જૂન ૨૦૧૮ના રોજ એક લોટરીની ટિકિટ ખરીદી હતી અને સાચવીને મૂકી રાખી હતી. જે તારીખે લોટરીનો નંબર ખોલ્યો ત્યારે લોટરી શોધવાનો ખુબ પ્રયત્ન કર્યો હતો, પરંતુ લોટરી મળી ના હતી. થોડા દિવસો અગાઉ જ આ દંપતીને કચરાપેટીમાંથી આખો વાલી લોટરીની ટિકિટ મળી આવી હતી. આ ટિકિટ મળી આવતા જ આ દંપતી હવે કરોડપતિ થઈ ગયું છે. લોટરીની ટિકિટની ઈનામી રકમ ૧.૮ મિલિયન ડોલર છે. એટલે લગભગ ૧૨.૭૭ કરોડ જેટલી રકમ થાય છે. ટેક્સ કપાયા બાદ આ દંપતીને નવ કરોડ રૂપિયા મળશે.

## ટોક્યો ઓલમ્પિકના મેડલ્સ ઇલેક્ટ્રોનિક વેસ્ટમાથી બનશે

વિશ્વમાં મોબાઈલ કમ્પ્યુટર અને ઈલેક્ટ્રોનિક ગેજેટ સહિતનો વેસ્ટ એક મોટી સમસ્યા બની ગઈ છે આથી પર્યાવરણ અંગે લોકજાગૃતિ કેળવવા માટે ૨૦૨૦માં ટોક્યો ખાતે આયોજિત ઓલમ્પિક રમતોત્સવમાં વિવિધ પ્રકારના તમામ મેડલ્સ આ ઈ વેસ્ટમાથી બનાવવાનું ઓલમ્પિક કમિટી દ્વારા કરવામાં આવ્યું છે. આથી જાપાનના સ્થાનિક વેપારી પાસેથી રિસાઈકલીંગ માટે ગણાતા ઈ વેસ્ટ વસ્તુઓ અને ઉપકરણો હાલ એકત્રિત કરવામાં આવી રહ્યા છે.

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ**

**'ગુજરાત સરકારનું સાહસ'**

**જાહેર નિવિદા નંબર - ૧૮ સને ૨૦૧૮-૧૯**

અધિક્ષક ઈજનેરશ્રી જાહેર આરોગ્ય વર્તુળ, પ્રથમ માળ જલ ભવન, નવા સર્કિટ હાઉસ પાસે, બાયપાસ રોડ, હિંમતનગર મોબાઈલ નં. ૯૯૭૮૪૦૬૭૪૦ દ્વારા નીચેના કામ માટે ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી ટેન્ડર માંગવામાં આવે છે.

| અ નું | કામની વિગત | અંદાજિત કિંમત રૂ. લાખમાં | કોન્ટ્રાક્ટ માટેની પાત્રતા | ટેન્ડર આઈડી નં. | ભાવો ભરવાની છેલ્લી તા. |
|---|---|---|---|---|---|
| ૧ | રીમોલ્ડીંગ ઓફ હાથરવા - ડોભાડા ભાગ-૨, જુ.પા.પુ. યોજનાની રાઈઝીંગ મેઈન, ગ્રેવીટી પાઈપલાઈન, પંપ રૂમ, આરસીસી, એચ.જી. એલ.આર., તથા ગ્રામ્ય સ્તરના જુદી જુદી ક્ષમતાના ભૂગર્ભ સંપ તથા સંપ ઉપર મશીનરીની કામગીરી | ૮૪૩.૮૮ | 'એએ' ક્લાસ અને ઉપરના | ૩૫૦૫૯૧ | ૧૮/૩/૧૯ |
| ૨ | સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાની મીસીંગલીંક કાર્યક્રમ અંતર્ગત રીમોલ્ડીંગ વણજ-દેવીનગર જુથ યોજનાની કામગીરી અંતર્ગત તમામ હેડવર્કસ રાઈઝીંગ મેઈનની કામગીરી | ૧૨૧૮.૩૫ | 'એએ' ક્લાસ અને ઉપરના | ૩૫૦૬૧૪ | ૧૮/૩/૧૯ |
| ૩ | ઈડર અને હિંમતનગર તાલુકાને આવરી લેતી ગુહાઈ જુથ પાણી પુરવઠા યોજના (ડાબાકાંઠા) દની યોજનાની કામગીરી બાબત | ૨૮૦૪.૧૫ | 'એએ' ક્લાસ અને ઉપરના | ૩૫૦૫૮૩ | ૧૮/૩/૧૯ |
| ૪ | સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાની મીસીંગ લીંક કાર્યક્રમ અંતર્ગત રીમોલ્ડીંગ જાલીયા-ઉમેદગઢ અને દાવડ-લાલપુર જુથ યોજના અંતર્ગત તમામ હયાત હેડવર્કસથી ગ્રેવીટી મેઈનની કામગીરી | ૪૪૫૧.૯૭ | 'એએ' ક્લાસ અને ઉપરના | ૩૫૦૫૯૯ | ૧૮/૩/૧૯ |

એક અથવા તમામ ટેન્ડરો કોઈ પણ કારણ આપ્યા સિવાય રદ કરવાનો અબાધિત અધિકાર ગુજરાત પાણી પુરવઠા બોર્ડના સક્ષમ અધિકારીને રહેશે. ટેન્ડર અંગેની વધુ માહિતી વેબ www.gwssb.nprocure.com તથા www.gwssb.gujarat.gov.in ઉપર મૂકવામાં આવેલ છે. ગ્રામ્ય પા. પુ. યોજનામાં પીવાના પાણીની સમસ્યા અર્થે ટોલ ફ્રી નં. ૧૯૧૬ ઉપર સંપર્ક કરવો. હવે પછીનો કોઈ પણ સુધારો હશે તે ફક્ત વેબસાઈટ પર જોવા મળશે.

માહિતી/હિંમત/૬૦૩/૧૯